Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

60 YEARS CELEBRATION
SINCE 1965
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY SURAT

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 15, Issue. 262, June 2024

પ્રિય વાચક મિત્રો,

॥ योगःकर्मसुकौशलम् ॥

વેદ અને દેવસંસ્કૃતિની દેન અને હિરણ્યગર્ભ તેમજ યોગના આદિત્યદેવ એવા મહાદેવ આદિયોગી દ્વારા પૃથ્વીલોક, માનવજીવન માટે મોક્ષ, મુક્તિ પ્રાપ્તિના શ્રેષ્ઠતમ સાધન એવી યોગીસાધનાનું વાર્ષિક પર્વ એટલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ.

ઋષિપરંપરા અને શ્રીમદ્ ભાગવત ગીતામાં ઉલ્લેખ જોવા મળ્યો છે, તેવી પુરાતન યોગવિદ્યા કે જે રોગી માટે ઉપચારનું સાધન અને સ્વસ્થ વ્યક્તિ માટે જીવન જીવવાની શ્રેષ્ઠ પદ્ધતિ છે તેને સર્વ પ્રથમ લેખિત સ્વરૂપમાં સમાજને પ્રદાન કરનાર મહર્ષિ પતંજલિ દ્વારા નિર્મિત યોગદર્શનના માધ્યમથી ૧૯૫ સૂત્રોની વ્યવસ્થિત ગોઠવણ કરી કુલ ચાર પદમાં ઉચ્ચતમ સાધના આઠ અંગોના મૂળમાં અષ્ટાંગ યોગની અમૂલ્ય ભેટ આપનાર મહર્ષિને આજે યાદ કરી ધન્યતા અનુભવીએ.

અનેક ઋષિમુનિઓએ યોગ માટેના કલાસીસ, પુસ્તકો આમ પ્રજા માટે તૈયાર કર્યા અને હાલમાં યોગક્ષેત્રે એક વિશાળ ફલક પર વિશ્વમાં પ્રસ્તુતિ પામી રહ્યાં છે ત્યારે માનનીય લોકલાડીલા અને ભારતને વિશ્વગુરુના સ્થાને લઈ જવા અથાગ કરનારા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક આદર્શ વડાપ્રધાન તરીકેની દેશ–વિદેશમાં પ્રતિભા ઉત્પન્ન કરી છે. તેઓના પ્રયત્નથી વિશ્વના લોકોની શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યવૃદ્ધિ માટે વસુદેવ કુટુંબકમની ભાવના સાથે વિશ્વને યોગની ભેટસ્વરૂપ વિશ્વ યોગ દિવસ ૨૧મી જૂનને આખાય ભૂમંડળમાં ઉજવવામાં આવે તેવા ઉમદા પ્રયત્નો કર્યા અને તેમાં સફળતા મળતાં આપણે સૌ ૨૦૧૫થી ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઊજવી રહ્યા છીએ, ત્યારે ૨૧મી જૂન ૨૦૨૪ને 'સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ સાથે ઉજવણી કરી. એવા અમૃતકાળ સમયે મહર્ષિ પતંજલિ ઋષિના યોગદર્શનમાંથી એ આપણાં ષડદર્શનોમાંનું એક છે. સંસ્કૃત ધાતુ 'યુજ' પરથી યોગ શબ્દ બન્યો છે. મહામુનિ પતંજલિએ આ યોગદર્શનના સિદ્ધાંતોને ૧૯૫ યોગસૂત્રોમાં સંકલિત કર્યા છે. આ પતંજલિ યોગસૂત્રો ભારતીય મનોવિજ્ઞાનનું આધારભૂત અને પ્રામાણિક શાસ્ત્ર છે. જ્યારે શ્રીમદભગવદ્ ગીતાનું બીજું નામ યોગશાસ્ત્ર છે, કારણ કે તેના અઢારેય અધ્યાયના નામ પાછળ યોગ શબ્દપ્રયોગ થયેલ છે તથા સમગ્ર ગીતામાં યોગશાસ્ત્ર વણાયેલું છે.

યોગવિદ્યા એક જીવંત વિદ્યા છે. યોગ દ્વારા જીવનું શિવ સાથે મિલન થાય છે, તેથી આપણી પ્રાચીન શિક્ષણવ્યવસ્થામાં, આશ્રમોમાં, ગુરુકુળોમાં યોગવિદ્યા શીખવવામાં આવતી. પ્રાચીન શિક્ષણ યોગ આધારિત હતું. કેમ કે શિક્ષણનો ઉદ્દેશ, सा विद्या या विमुक्तये: (અર્થાત્ – જે મુક્તિ અપાવે તે 'વિદ્યા' છે) અને આ ઉદ્દેશ યોગ દ્વારા જ સિદ્ધ કરી શકાય, તેથી વર્તમાનમાં પણ આપણે આ વિદ્યાનો ગંભીરતાથી અભ્યાસ કરવો જોઈએ, જેથી ઉચ્ચતમ શિક્ષણ દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરી શકીએ.

योगेन चित्तस्य पदेन वाचां, मलं शरीरस्य च वैद्यकेन ।
योऽपाकरोत त्तं प्रवरं मुनीनां, पतंजलि प्रांजलिरानतोऽस्मि ।।

યોગશાસ્ત્રના અભ્યાસથી ચિત્તની શુદ્ધિ થાય છે. વ્યાકરણના પદો અને સૂત્રોના અભ્યાસથી વાણીની શુદ્ધિ થાય છે.

ઔષધ અને આયુર્વેદના ઉપયોગથી શરીરની શુદ્ધિ થાય છે. આ યોગશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર અને આયુર્વેદશાસ્ત્ર ત્રણેય શાસ્ત્રોના રચયિતા મહર્ષિ પતંજલિનું સ્મરણ કરીએ છીએ.

हिरण्य गर्भो योगस्य वक्ताः नान्यः पुरातनीः

– યાજ્ઞવલ્કય સંહિતા

આમ, યોગના સૌ પ્રથમ વક્તા ભગવાન હિરણ્યગર્ભ છે. જે સંસારમાં વિભુના નામથી ઓળખાય છે. શાસ્ત્રોમાં બ્રહ્માજીનું એક નામ હિરણ્યગર્ભ દર્શાવાયેલ છે. આમ ભગવાન બ્રહ્માજી યોગના વક્તા છે.

ભગવાન શિવજી સૌથી મહાન અને પુરાતન યોગી માનવામાં આવે છે, જેમને યોગીરાજ, મહાયોગી, મહેશ્વર, આદીયોગી, યોગીનાથ જેવાં નામોથી પણ સંબોધવામાં આવે છે. આમ ભગવાન મહાદેવજી વિશ્વના મહાન યોગી છે.

ભગવાન વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણ મહાન યોગી છે. જેઓ યોગેશ્વરના નામથી પ્રસિદ્ધ છે. આમ યોગશાસ્ત્રના આદિવક્તા, યોગેશ્વરો ભગવાન બ્રહ્માજી, મહાદેવ શિવજી અને ભગવાન શ્રીકૃષ્ણને માનવામાં આવ્યા છે.

આમ, પરબ્રહ્મ પરમાત્મા દ્વારા યોગ સંબંધી જે જ્ઞાન મહર્ષિ પતંજલિને પ્રાપ્ત થયું તેનો વિસ્તાર તેઓએ યોગશાસ્ત્રમાં કર્યો.

યોગ દિવસની ભવ્ય ઉજવણી આપણે સૌએ કરી છે તો આપણી યુવા પેઢી તમામ ક્ષેત્રે સક્રિય થાય, સફળ થાય તે માટે યોગમય જીવન ભવિષ્યના ભારત માટે તે લાભદાયક છે, તેથી પણ વધારે ઉપકારક વર્તમાન યુવા પેઢી જોડાય તો ભારતના સ્વર્ણિમ ભવિષ્યના નિમાર્ણમાં મહત્વપૂર્ણ બની રહેશે તેવી આશા–અપેક્ષા સહ શુભેચ્છાઓ.

દિનાંક ૧ જુલાઈ, ૨૦૨૪ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)
કાર્યકારી કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે 'ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ' યોજાયો









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કન્વેન્શન હોલ ખાતે તા. ૦૩ જૂન, ૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઈ.ચા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબના સાથ સહકારથી સુરત ટ્રાફિક પોલિસ, જીલ્લા વાહનવ્યવહાર અને નિયમન કચેરી, સુરત જીલ્લા શિક્ષણ અધિકારી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે 'ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ' રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન ખાસ કરીને વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકોને ટ્રાફિક નિયમો અને સલામતી અંગે જાગૃત બનાવવા માટે કરવામાં આવ્યું હતું. જેમાં જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ શ્રી ચૌધરી સાહેબ, સુરત ટ્રાફિક પોલીસ અધિકારી અમિતા વાનાણી, જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી ભગીરથસિંહ પરમાર, RTOના અધિકારી શ્રી પ્રકાશભાઈ તથા વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળા–કૉલેજોના શિક્ષકો, વાલીઓ, સંસ્થાના સંચાલકશ્રીઓને ફાયર સેફટી, આપાત્તકાલીન વ્યવસ્થા, શાળા કૉલેજોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ, બસ અને વાહનો વગેરેની સુરક્ષા અને સલામતી કઈ રીતે જાળવવી તેની વિસ્તૃત માહિતી જનજાગૃતિ કેળવવા અર્થે આપવામાં આવી હતી સાથે જ ટ્રાફિક જાગૃતિ ફેલાવવા માટે સંયુક્ત રીતે કઈ રીતે કામગીરી થઈ શકે? તે અંગે સૌને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત અન્ય આપાત્તકાલીન પરિસ્થિતિ સર્જાય ત્યારે કઈ રીતે સૌની સુરક્ષા જાળવવી તથા સમયાંતરે મોકડ્રીલ કરી શકાય તેની પણ વિસ્તૃત સમજુતી આપવામાં આવી હતી. સુરત ટ્રાફીક પોલીસ દ્વારા શાળા કૉલેજના વિદ્યાર્થીઓ માટેના વાહનો, બસ, વાન, રીક્ષા વગેરે સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓ અન્વયે મળેલ માર્ગદર્શિકાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ઘણાં માહિતગાર લોકોએ આ અંગે વિવિધ પ્રકારના સારા સૂચનો આપ્યા હતા કે જેનાથી લોકોમાં જાગૃતતા આવી શકે.

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો ઓન ડિમાન્ડ પરીક્ષા પદ્ધતિનો વિદ્યાર્થીલક્ષી સરાહનીય અભિગમ

કેન્દ્ર સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન માટે ૩૪ વર્ષ બાદ જાહેર કરેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સમગ્ર દેશમાં અગ્રેસર છે. અગાઉ એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટમાં ક્રેડિટ ડેટા સહિત એબીસી આઈડીનું સર્વાધિક રજીસ્ટ્રેશન કરવા બદલ માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાન, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં ઘણા વિદ્યાર્થીલક્ષી આયામો છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓની ડિગ્રી મેળવવા માટે જરૂરી ક્રેડિટ મેળવવી જરૂરી છે. જેથી કોઈ વિષયમાં આવેલ એટીકેટી અથવા કોઈ કારણસર સંજોગોવસાત પરીક્ષા ન આપી શકેલ હોય, પરીક્ષામાં મેળવેલ ગુણથી સંતુષ્ટી ના હોય, વધુ સારી તૈયારી સાથે પરીક્ષા આપી પોતાનું પરિણામ સુધારવા માંગતા હોય, ટર્મ ગ્રાન્ટ થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં નિયત પરીક્ષા તારીખથી વહેલી પરીક્ષા આપવા માંગતા હોય અથવા આવા કોઈ અન્ય પ્રકારના કિસ્સાઓમાંથી વિદ્યાર્થી તેની અનુકૂળતા મુજબ પરીક્ષા આપી શકે તેવા વિદ્યાર્થીલક્ષી અભિગમ દાખવી વિશ્વવિદ્યાલય દ્વારા આ એક વધારાની વિશેષરૂપ વિદ્યાર્થી હિતમાં ઓન ડિમાન્ડ પરીક્ષા પદ્ધતિ નવેમ્બર ૨૦૨૧થી અમલમાં મૂકવામાં આવેલ છે. આ પદ્ધતિમાં યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની અનુકૂળતા મુજબના દિવસે તથા રવિવાર કે જાહેર રજાના દિવસે પણ એક દિવસમાં બે વિષયની મર્યાદામાં પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. જેનો આજ દિન સુધી ૧૫૫ થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લઈ તેઓની કારકિર્દી બનાવેલ છે. જે પૈકી સુરતના ખ્યાતનામ રમતવીરો હર્ષિત દેસાઈ, મંથન પટેલ તેમજ ગુજરાત રાજ્યના રાજ્ય કક્ષાના માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ પણ આ પદ્ધતિનો લાભ મેળવી યુનિવર્સિટીના આ વિદ્યાર્થીલક્ષી અભિગમને બિરદાવેલ છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તારીખ ૦૫મી જૂન, ૨૦૨૪ એટલે કે 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે પર્યાવરણના મહત્વ પર જાગૃતિ લાવવાના હેતુસર વિશ્વવિદ્યાલય પરિસર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વહીવટી વિભાગના વડાશ્રીઓ, શૈક્ષણિક વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ મળીને વૃક્ષો રોપ્યા હતા. તથા પરિસર ખાતે સવારે ચાલવા આવતા સુરતવાસીઓ પણ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉત્સાહથી જોડાયા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં દર વર્ષે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાંથી એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ છે 'વૃક્ષારોપણ કાર્યક્રમ'. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણનું રક્ષણ અને તેનું જતન કરવું, કેમ્પસ અને આસપાસના વિસ્તારને હરિયાળું અને સુંદર બનાવવું, જળવાયુમાં સુધારો કરવો અને પ્રદૂષણમાં ઘટાડો કરવાનો છે. વૃક્ષારોપણ કાર્યક્રમ જેવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓને પર્યાવરણ માટે જવાબદારીની ભાવના થાય છે અને તેઓ ભવિષ્યમાં પર્યાવરણનું રક્ષણ કરવા માટે વધુ પ્રેરિત થાય છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા ગત વર્ષે પણ ૭૦૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા અને આ વર્ષે પણ ૧૧,૦૦૦ વૃક્ષો વાવવાના લક્ષ્યાંક સાથે આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આ લક્ષ્યાંક સુધી પહોંચવાની તૈયારી શરૂ કરાઈ છે.

## વિશ્વવિદ્યાલય પરિસર ખાતે સમર ફિટનેસ કોચીંગ કેમ્પનો પુર્ણાહુતી કાર્યક્રમ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે ઉનાળાની રજાઓમાં તા. ૧૬/૦૫/૨૦૨૪ થી તા.૦૫/૦૬/૨૦૨૪ દરમિયાન ૨૧ દિવસના સમર ફિટનેસ કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. સદર કોચિંગ કેમ્પમાં ૭૦ ખેલાડી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. કેમ્પમાં ૨૧ દિવસ સુધી ખેલાડીઓની ફિટનેસને અનુરૂપ ભોજનની તથા સુરતની બહારથી આવેલ ખેલાડીઓ માટે રહેવાની વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી હતી. આ ૨૧ દિવસ દરમિયાન રમતવીરો અને રમતવીરાંગનાઓને

બૌધિક સત્ર અને શારીરિક પ્રવૃત્તિઓ જેવી કે યોગા, દોડ, ડાન્સ, ગરબા જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. સમર ફિટનેસ કેમ્પનો પૂર્ણાહુતિ કાર્યક્રમ તા. ૬/૬/૨૦૨૪ના રોજ વહીવટી ભવનમાં સેનેટ હોલ ખાતે રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં માનનીય ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુ.ક. અને શા.શિ. વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પી. પટેલ, ક્રિકેટ કોચશ્રી કેતનભાઈ પટેલ અને કોચશ્રી નૈનેશભાઈ ડુંગરાણી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મા. કુલપતિશ્રી, મા. કુલસચિવશ્રી દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદ્બોધન આપ્યું હતું. યુ.ક. અને શા.શિ. વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પી. પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ખેલાડીઓને રમત તથા ફિટનેસ અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. ખેલાડીએ દ્વારા સમર ફિટનેસ કેમ્પ દરમિયાન થયેલ અનુભવ વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં હાજર તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તથા ગણવેશ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## ઇન્ટીરીયર ડિઝાઈન વિભાગ દ્વારા ચાલતા સર્ટિફિકેટ કોર્સ Basics of Photographyના પ્રદર્શીનીનું આયોજન કરવામાં આવ્યું







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્ટિરીયર ડિઝાઈન વિભાગ દ્વારા ચાલતા સર્ટિફિકેટ કોર્સ Basics of Photographyના પ્રદર્શીનીનું આયોજન તા.૦૬/૦૬/૨૦૨૪ થી ૨૨/૦૬/૨૦૨૪ સુધી કરવામાં આવ્યું હતું. આ કોર્સ યુનિવર્સિટીના માનનીય ઈ.ચા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી, ઇન્ટિરિયર ડિઝાઇન વિભાગના કૉ–ઓર્ડિનેટર મેહુલ પટેલ, કોર્સ કૉ–ઓર્ડિનેટર અંકિત ચાંગાવાલાના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો. આ કોર્સમાં મેન્ટર્સ તરીકે શ્રી સંજયભાઈ ચોકસી, ધ્રુવીન જૈન, વત્સલ પટેલ, અમિત જરીવાલા અને ચંદ્રન ઐયરને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સર્ટિફિકેટ કોર્સમાં ૧૨ વર્ષ કે તેથી વધુ ઉંમરના કોઈ પણ નાગરિક જોડાઈ શકે છે. અત્યાર સુધીમાં કુલ ૬૪ વિદ્યાર્થીઓએ આ કોર્ષનો લાભ લીધો છે, કોર્ષની ફી માત્ર રૂ. ૨૧૦૦/– છે. તેમજ હાલ થયેલા બેસિક ઓફ ફોટોગ્રાફી કોર્સના ૩ બેચનું પ્રદર્શિની યુનિવર્સિટીના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગમાં ૨૨ જૂન સુધીમાં દરેક શહેરીજનો સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક સુધીમાં મુલાકાત લઈ શકે છે. આ કોર્ષમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ વધુ માહિતી માટે ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગનો સંપર્ક કરી શકે છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગે પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો





દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ, સુરત દ્વારા આયોજિત કાર્યક્રમ અંતર્ગત, ગોલ્ડન જ્યુબિલી મેમોરિયલ ટ્રસ્ટ તરફથી તારીખ ૭ જુન, ૨૦૨૪ના રોજ દક્ષિણ ગુજરાત પ્રદેશમાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કૉલેજ/સંસ્થા માટે બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત 'મહાવીર સિન્થેસીસ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરાતા વિભાગ અને યુનિવર્સિટી માટે અત્યંત ગૌરવની પળ અનુભવાય છે. શિક્ષણ અને સંશોધનમાં પોતાની શ્રેષ્ઠતા માટે વિભાગ કે જેની સ્થાપના ૨૦૦૬માં થઈ ત્યારથી પોતાની આગવી પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે. માનનીય ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા અને કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવીએ યુનિવર્સિટીની સફળતાના શિખરમાં વધુ એક સોપાન ઉમેરી આપતા આખી ટીમને અભિનંદન આપ્યા હતા. ડૉ. ગૌરવ શાહ, એસોસિએટ પ્રોફેસર અને વિભાગના વડાએ વિભાગના સ્થાપક અને પ્રથમ સંયોજક એવા ડૉ. એમ.એચ.પરબિયા, વર્તમાન વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપક અને બિન–શૈક્ષણિક સ્ટાફ (ભૂતકાળ અને વર્તમાન), સંશોધન વિદ્વાનો, યુનિવર્સિટી વહીવટીતંત્ર, મુલાકાતી શિક્ષકો અને હર હંમેશ સહાયક વિદ્યાર્થીઓના માતા–પિતા તેમજ નામી અનામી શુભેચ્છકના અમૂલ્ય યોગદાન માટે કે જે હંમેશા વિભાગની શ્રેષ્ઠતા માટે પ્રેરણા આપે છે એ સૌ કોઈનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

વધુમાં ડૉ. ગૌરવશાહે જણાવ્યું હતું કે, 'આ પુરસ્કાર અમારા સમગ્ર સમુદાયના સામૂહિક પ્રયાસો અને સમર્પણનું પ્રમાણપત્ર છે. અમે સતત શ્રેષ્ઠતા અને નવીનતા સાથે બાયોટેકનોલોજી અને માઈક્રોબાયોલોજીના ક્ષેત્રને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છીએ.'

## વિશ્વવિદ્યાલયના ICT વિભાગના વિદ્યાર્થીઓની એક નવીનતમ પહેલ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ICT વિભાગના BSC ITમાં અભ્યાસ કરતાં દ્વિતીય વર્ષનાં વિદ્યાર્થીઓએ એક એવી ટેકનોલોજીની શોધ કરી કે જેનાથી અકસ્માત કે પેરાલીસીસના કારણે દર્દીઓની આંગળીઓ સ્નાયુઓ નબળા થઈ જવાના કારણે જે લોકોની આંગળીઓ બરાબર ચાલતી નથી તેમને ઉપયોગી બને તેવી પેન અને એપ્લિકેશન પ્રો. હિતેષભાઈ લાડ તથા વિદ્યાર્થી મિત્રો શ્રી તમન્નાબેન શાહ, શ્રી વ્રજભાઈ સુરતવાલા, શ્રી ખુશનાઝ ડુમસિયા, શ્રી કિષ્નાબેન નડીયાદરાએ મળીને પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. પેનનો આકાર સામાન્ય આકાર કરતા અલગ છે અને સૌથી ખાસ વાત કે પેનની અંદર સેન્સર છે કે જે દર્દીના પ્રેશરની આંકડાકીય માહિતી આપે છે જેનાથી ડોકટર દર્દીની રીકવરી માટે કાર્ય કરી શકે છે. એટલું જ નહીં, પરંતુ જ્યારે દર્દીએ લખેલા લખાણનું પેજનો ફોટો મોડયુઅલમાં એનાલિસીસ કરવામાં આવે ત્યારે એ.આઈ.(AI)ના માધ્યમથી ખબર પડી જશે કે કયાં શબ્દો ખોટાં લખેલા છે અને હજુ કઈ વસ્તુ પર વધારે મહેનત કરવાની છે, આ પ્રોજેકટને IIT બોમ્બેમાં શ્રેષ્ઠ ટેકનિકલ પ્રેઝન્ટેશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. શરીરના સ્નાયુઓ નબળા પડી જવાની આ બિમારીમાં લોકોને સહાયક બને રહે એવા સંશોધનની કામગીરી સરાહનીય છે. આ સંશોધન માટે માર્ગદર્શક પ્રો. હિતેષભાઈ તથા સંશોધનની કામગીરી કરનાર વિદ્યાર્થીમિત્રોને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અભિનંદન લેટર પાઠવવામાં આવ્યો છે. તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇ.ચા.કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, આજ પ્રકારે સમાજને મદદરૂપ થતા રહો અને આપની સંશોધનાત્મક વૃત્તિ–પ્રવૃત્તિ જાળવી રાખી જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિના આયામો સર કરતાં રહો.












## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને ઈન્ડોનેશિયા પ્રજાસત્તાક વચ્ચે સહયોગની નવી દિશા




















વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ઈન્ડોનેશિયા પ્રજાસત્તાકના પ્રતિનિધિમંડળ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ મુંબઈ સ્થિત ઈન્ડોનેશિયા પ્રજાસત્તાકના કેન્સ્યુલ જનરલ, શ્રીએડી વર્ડોયો દ્વારા કરવામાં આવ્યું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણ–સંશોધન અને સાંસ્કૃતિક ક્ષેત્રે સહયોગ અને આદાન પ્રદાનને વધુ મજબૂત બનાવવાનો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તરફથી ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ, વિવિધ વિભાગોના વડાશ્રીઓ, વહીવટી વિભાગોના વડાશ્રીઓ અને ફેકલ્ટી સભ્યો ઉપસ્થિત રહ્યા. ઈન્ડોનેશિયા પ્રજાસત્તાક તરફથી નીચે મુજબના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧. શ્રી એડી વર્ડોયો, માનનીય કોન્સ્યુલ જનરલ, ઈન્ડોનેશિયા પ્રજાસત્તાક, મુંબઈ.
૨. શ્રી પાંકી બી. પી. સપુત્રા, કોન્સલ (અર્થશાસ્ત્ર), ઈન્ડોનેશિયા પ્રજાસત્તાક, મુંબઈ.
૩. શ્રી આલ્ડ્રિન હેરવાની, શિક્ષણ અને સંસ્કૃતિ અટેચી, ઈન્ડોનેશિયા પ્રજાસત્તાક, નવી દિલ્હી.

૪. શ્રીમતી ફરીદા આરિયાતી, ટ્રેઝરર, ઇન્ડોનેશિયા પ્રજાસત્તાક, મુંબઈ.
૫. શ્રી મુતાકીન પ્રિયો હુટોમો, અધિકારી (સામાજિક–સાંસ્કૃતિક), ઇન્ડોનેશિયા પ્રજાસત્તાક, મુંબઈ.
૬. શ્રી મુસ્તફા અન્સારી, સહાયક (વહીવટી), ઇન્ડોનેશિયા પ્રજાસત્તાક, મુંબઈ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને ઇન્ડોનેશિયા પ્રતિનિધિમંડળ બંનેએ ભવિષ્યના સહયોગ માટે ઉત્સાહ વ્યક્ત કર્યો. આગામી પગલાઓમાં વિશિષ્ટ ક્ષેત્રોને ઓળખવા માટે વર્ચ્યુઅલ મીટિંગ્સનો સમાવેશ થશે જ્યાં ભાગીદારી સ્થાપિત કરી શકશે અને MOUs હસ્તાક્ષર કરી શકશે. બેઠક દરમિયાન ગુજરાત અને ખાસ કરીને સુરત પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, ઇન્ડોનેશિયા અને ભારત વચ્ચેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સંબંધોની ચર્ચાઓ કરવામાં આવી હતી. તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને ઇન્ડોનેશિયાની યુનિવર્સિટીઓ વચ્ચે સંભવિત સહયોગની શોધ જેમ કે, વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમો, શિક્ષક વિનિમય કાર્યક્રમો, સંયુકત માર્ગદર્શન હેઠળ સંશોધન, સંયુકત પ્રોજેક્ટ્સ, સંયુકત શૈક્ષણિક પ્રયાસો જેવા અનેક કાર્યક્રમો હાથ ધરાશે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે નિવૃત્ત થતા કર્મચારીઓનો વિદાય સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે તા.૧૪–૦૬–૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલય કાર્યાલયમાં ફરજ બજાવતાં શૈક્ષણિક અને વહીવટી કાર્યનિષ્ઠ કર્મચારીઓ વયમર્યાદાને કારણે નિવૃત્ત થનાર હોય તેઓની સંનિષ્ઠ સેવાઓને બિરદાવવા તથા તેઓનું શેષ જીવન શુભમય બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવવા અંગે વિશ્વવિદ્યાલયનાં સેનેટ હોલ ખાતે સૌ ઉપસ્થિત થયાં હતાં. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં માનનીય ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓને તેમનાં નિવૃત્તિ પછીના જીવનની અને સારા આરોગ્યની શુભકામનાઓ પાઠવી હતી અને નિવૃત્ત થતા કર્મચારીઓના સેવા યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ પણ હાજર રહ્યાં હતાં. વધુમાં, યુનિવર્સિટીના પરિસરના શૈક્ષણિક સંગઠનનાં પદાધિકારો અને બિનશૈક્ષણિક કર્મચારી મંડળના પ્રમુખશ્રી અશ્વિનભાઈ શંકર ઉપસ્થિત રહ્યા અને નિવૃત્ત કર્મચારીઓની દીર્ઘ સેવા બિરદાવી હતી.

નિવૃત્ત થનાર કર્મચારીઓ ગુજરાતી વિભાગના પ્રોફેસર અને હેડ ડૉ. શરીફાબેન વીજળીવાળા કે જેમણે ૧૧ વર્ષ, ૦૧ માસ, ૦૧ અઠવાડિયું સુધી, વહીવટી વિભાગના કાર્યાલય અધિક્ષક શ્રીમતી જ્યોતિબેન વી. મૈસુરીયા, કે જેમણે ૩૮ વર્ષ, ૦૩ માસ, ૦૪ અઠવાડિયા સુધી, કુલસચિવ કાર્યાલયના સેવકભાઈશ્રી નરેશભાઈ એચ. ભંડારી, કે જેમણે ૩૭ વર્ષ, ૦૩ અઠવાડિયા, ૦૫ દિવસ સુધી કોમ્પ્યૂટર સાયન્સ વિભાગના સેવકભાઈશ્રી જશવંતભાઈ એસ. પટેલ, કે જેમણે ૩૬ વર્ષ, ૦૭ માસ, ૦૩ દિવસ સુધી બાયોસાયન્સ વિભાગના સફાઈ કામદારશ્રી હસમુખભાઈ ડી. સોલંકી, કે જેમણે ૪૨ વર્ષ, ૦૩ માસ, ૧૨ દિવસ સુધી અને પરીક્ષા વિભાગના હેલ્પરશ્રી અરવિંદભાઈ પી. સોલંકી, કે જેમણે ૪૨ વર્ષ, ૦૩ માસ, ૧૨ દિવસ સુધી કામગીરી કરી હતી. તેઓની સેવાને બિરદાવવા ચેક, સાલ અને સ્મૃતિ ભેટ આપીને તેઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. નિવૃત્ત થનાર કર્મચારીઓએ તેમનાં અનુભવો વાગોળ્યા અને સૌને આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન મદદનીશ કુલસચિવશ્રી ડૉ. હિતેશ ડી. વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.











## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા ૧૦માં વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

દેશભરમાં અને વિદેશમાં યોગ દિવસની ઉજવણી વિવિધ કાર્યક્રમો અને યોગાસનો સાથે ઉત્સાહભેર કરવામાં આવી રહી છે. દરેક નાગરિકને શારીરિક અને માનસિક સ્વાસ્થયમાં યોગના મહત્વથી માહિતગાર કરવામાં આવે છે. ત્યારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત દ્વારા ૧૦માં વિશ્વ યોગ દિવસ નિમિત્તે સવારે ૭:૦૦ કલાકે સામૂહિક યોગની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ક્રીડા ભારતીના પ્રાંત યુવા આયામના પ્રમુખ, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ સદર કાર્યક્રમમાં જોડાઈ વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક વિભાગના વડાશ્રીઓ, વહીવટી વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો. ૧૦માં વિશ્વ યોગ દિવસના ભાગરૂપે વિશ્વવિદ્યાલય દ્વારા ૧૦ દિવસના યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સામુહિક યોગનો કાર્યક્રમ શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હોલમાં રાખવામાં આવ્યો હતો. યોગસત્ર દરમિયાન કોમન યોગ પ્રોટોકોલ મુજબ વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાન સંબંધિત પ્રવૃત્તિઓ યોગગુરુ શ્રી જીવણ કાકા દ્વારા ઉપસ્થિત સૌને કરાવવામાં આવી હતી અને યોગ વિષે માહિતી આપવામાં આવી. યોગગુરુ શ્રી જીવણ કાકા તથા એમની ટીમનો પુસ્તક અને યુનિવર્સિટીના ખેસ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું નેતૃત્વ વિશ્વવિદ્યાલયના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.






















## રસાયણશાસ્ત્ર વિભાગની પીએચ.ડી.ની વિદ્યાર્થીની અનુ અભિષેક ચૌધરી દ્વારા પેટન્ટ પ્રાપ્ત કરવામાં આવી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. કિશોર એચ. ચીખલીયાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરતી વિદ્યાર્થીની અનુ અભિષેક ચૌધરીને ડૉ. કિશોર એચ. ચીખલીયાનાના માર્ગદર્શન હેઠળ "A Tetracyclic Benzimidazole Derivatives, Preparation Method, Use and Thereof" અંગેની પેટન્ટ પ્રાપ્ત થઈ છે જે યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે. તેમની આ પેટન્ટ બ્રેસ્ટ કેન્સરના નિદાનમાં સહાયક સિદ્ધ થશે. એન્ટ્રી બ્રેસ્ટ કેન્સર કમ્પાઉન્ડની ઉપયોગિતા નક્કી કરવા માટે એમણે બીટ્સ પીલાનીના બાયો સાયન્સ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર સુદેશના ચૌધરીનો સહયોગ લીધો હતો.

ટૂંકમાં આ આવિષ્કાર વિશે જણાવીએ તો આ પેટન્ટ તેમને ભારત સરકારના કંટ્રોલર ઓફ પેટન્ટસના હસ્તાક્ષર સાથે પેટન્ટ ઓફીસ દ્વારા તા. ૧૧/૦૬/૨૦૨૪ના રોજ પેટન્ટ નંબર ૫૪૧૪૩૧ થી એનાયત કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસમાં સૌપ્રથમ વાર રસાયણશાસ્ત્ર વિભાગમાં પેટન્ટ પ્રાપ્ત થઈ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કેમેસ્ટ્રી વિભાગના પ્રોફેસર ડૉ. કિશોર એચ. ચીખલીયાના તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર તેઓને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.







## Department of Biotechnology

### બાયોટેકનોલોજી વિભાગમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી

બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા ૫મી જૂન, ૨૦૨૪ના રોજ પ્લાસ્ટિકની બોટલો, દૂધની થેલીઓ અને રેતીનો ઉપયોગ કરીને બ્લોકસ/ઈંટો તૈયાર કરીને 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રવૃત્તિ દરમિયાન વિશ્વવિદ્યાલયના માનનીય કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, વિભાગના સંયોજક ડૉ. ગૌરવ શાહ, શૈક્ષણિક કર્મચારીઓ, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. ગૌરવ શાહે આ પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન આપ્યું હતું કે, કેવી રીતે પ્લાસ્ટિકના કચરા જેવા કે દૂધની થેલીઓનો ઉપયોગ કરીને આવી ઇકો–ફ્રેન્ડલી ઈંટો તૈયાર કરવી અને સર્જનાત્મક રીતે બાંધકામમાં આવી ઈંટોનો ઉપયોગ કેવી રીતે કરવો.

આશરે ૨૫૦૦ પ્લાસ્ટિકની દૂધની થેલીઓનો ઉપયોગ કરીને કુલ ૧૫૭ ઇકો બ્રિકસ બનાવવામાં આવી હતી.

કુલગુરુશ્રીએ વિશ્વવિદ્યાલયમાં આ રીતની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીને અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં ડૉ. ગૌરાંગ શાહે પર્યાવરણ પ્રત્યેના આ અદભૂત પ્રયાસો તથા ઉત્સાહ બદલ સૌનો આભાર માન્યો હતો.







## Department of Rural Study

### મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં જોબ પ્લેસમેન્ટ કેમ્પસ ઇન્ટરવ્યુ યોજાયું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓ માટે તારીખ ૧૩ જુન, ૨૦૨૪ના રોજ જોબ પ્લેસમેન્ટ કેમ્પસ ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રના તમામ જિલ્લાઓમાં માઈક્રો ફાઈનાન્સની સેવા આપતી એયુ માઈક્રો ફાઈનાન્સ બેંકના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહીને મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના કુલ–૧૦ જેટલા વિદ્યાર્થીઓની વાર્ષિક ૨.૫ લાખના પેકેજ તેમજ અન્ય ભથ્થાઓ સાથે પસંદગી કરવામાં આવ્યાં. આ જોબ પ્લેસમેન્ટ વિભાગના કાર્યકારી અધ્યક્ષ ડૉ. દિપક ભોયેના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં યુનિવર્સિટીના પ્લેસમેન્ટ ઓફીસરશ્રી દર્શન પુરોહિત તેમજ AU Finance Bank Co. Ltd.ના પ્રતિનિધિઓ હાજર રહી જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નોકરી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવે છે.







## Department of Physics

### પીએચ.ડી.



વિક્રમકુમાર લિંગેશ્વર ભારત દ્વારા રજૂ કરવામાં આવેલ રીસર્ચ વર્ક "Structural and Thermal Studies of Fe-doped Potassium oxalate monohydrate Crystal growth by Solution Method"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. આ કાર્ય તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર અને ઇ.ચા.વડા તરીકે ફરજ બજાવતા ડૉ. ઇશ્વરભાઈ બી. પટેલના માર્ગદર્શન હેઠળ કર્યુ છે. હાલમાં વિક્રમકુમાર લિંગેશ્વર ભારત એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ કિલ્લા–પારડીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા હોય કૉલેજનું નામ રોશન કરતાં તેમને કૉલેજ પરિવાર તથા ટ્રસ્ટી મંડળ તરફથી અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી છે.

## Department of Statistics

## Celebrat 18th National Statistics Day

Department of Statistics celebrated 18th National Statistics Day (29th June 2024) on the birth anniversary of Prof. Prasanta Chandar Mahalanobis with 4th online quiz 2024. The department has been celebrating the statistics day, to popularize the use of statistics in everyday life and sensitize public on how statistics helps shaping and framing policies for the welfare of people. It is celebrated every year on the birth anniversary of Prof. P. C. Mahalanobis, on 29th June since 2007, in recognition of his invaluable contribution in establishing the National Statistical System.

There was a very good response from all over India attempting the quiz from different streams like arts, science, commerce, computer science, management and other subjects as well as student participation was there from different cities and town of Gujarat state like Surat, Valsad, Vapi, Navsari, Ahmedabad, etc. From other states cities like Nagpur, Kolhapur, Bhagalpur, Kanpur, Meruth, Tiruchirappalli,Warangal, Varanasi etc. From all over the India there were a great response. participants from junior level (class XI and XII) and senior level (UG and PG course) students have participated in the online quiz. At junior level out of 238 participants, 99 students scored more than 50% marks and received e-certificates. At the senior level out of 546, 350 students from UG level and 196 students from PG level attempted the quiz. At senior level 314 students secured more than 50% marks, and received e-certificates. We would like to thank our honorable I/C vice chancellor Dr. K. N. Chavda sir for inspiring us to organize this quiz. We are also very thankful to our registrar Dr. R. C. Gadhvi for permitting to organize quiz. Department thanks all the well wishers from school teachers and college teachers who circulated this quiz poster with their students. And last but not the least, we thank to technical committee members of VNSGU for managing all technicalities of issuing certificates without which this could not have been possible.




18th National Statistics Day ( 29th June 2024)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
4th Online Quiz 2024
Organized by
**Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA**
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)

Certificate No: YKNOQY-CE000063 — Senior Level — Date: 29-6-2024

**Certificate of Participation**

This is to certify that ***Mr./ Ms. Mudit Khater*** from **SRM University, Chennai** has actively participated in the 4th Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2024 as a part of celebration of National Statistics Day.

**Dr. Shital S. Patel**, Organizing Secretary — **Dr. Arti. J. Rajyaguru**, Convener — **Dr. R. C. Gadhvi**, Registrar



18th National Statistics Day ( 29th June 2024)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
4th Online Quiz 2024
Organized by
**Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA**
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)

Certificate No: YKNOQY-CE000294 — Senior Level — Date: 29-6-2024

**Certificate of Participation**

This is to certify that ***Mr./ Ms. Sunil Kumar*** from **forest Research Institute Dehradun** has actively participated in the 4th Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2024 as a part of celebration of National Statistics Day.

**Dr. Shital S. Patel**, Organizing Secretary — **Dr. Arti. J. Rajyaguru**, Convener — **Dr. R. C. Gadhvi**, Registrar



18th National Statistics Day ( 29th June 2024)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
4th Online Quiz 2024
Organized by
**Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA**
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)

Certificate No: QPZOF0-CE000006 — Junior Level — Date: 29-6-2024

**Certificate of Participation**

This is to certify that ***Mr./ Ms. Shubhi*** from **Dr. Virendra Swarup Education Centre, Panki, Kanpur, Uttar Pradesh** has actively participated in the 4th Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2024 as a part of celebration of National Statistics Day.

**Dr. Shital S. Patel**, Organizing Secretary — **Dr. Arti. J. Rajyaguru**, Convener — **Dr. R. C. Gadhvi**, Registrar



18th National Statistics Day ( 29th June 2024)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
4th Online Quiz 2024
Organized by
**Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA**
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)

Certificate No: QPZOF0-CE000091 — Junior Level — Date: 29-6-2024

**Certificate of Participation**

This is to certify that ***Mr./ Ms. Chandni Dharmesh Raykundaliya*** from **Kendriya Vidyalaya Vallabh Vidhyanagar** has actively participated in the 4th Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2024 as a part of celebration of National Statistics Day.

**Dr. Shital S. Patel**, Organizing Secretary — **Dr. Arti. J. Rajyaguru**, Convener — **Dr. R. C. Gadhvi**, Registrar

**Department of Statistics**
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT**
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)
is Celebrating



**18th National Statistics Day ( 29th June 2024 )**
**on the Birth Anniversary of**
**Prof. Prasanta Chandra Mahalanobis**

**4th Online Quiz 2024**

Dear All,

The Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat is conducting the 4th **Online Quiz** as a part of the National Statistics Day Celebration on the **29th June 2024**.

- **No Registration fees**
- On successful completion of the Quiz, participants scoring **50%** and above will receive an **e-certificate** through e-mail address.
- **Event Date**: **June 29, 2024 (12.00 am to 12.00 pm)**

**a) Junior Level : Students of Class XI and XII (2024-25)**

**Syllabus**: Matrix and Determinants, Permutation and Combination, Measures of Central Tendency, Measures of Dispersion, Probability
**Link to attend the Quiz :-** https://forms.gle/tEo63qmzbbHFusrW7

**b) Senior Level : Students of UG and PG Program (2024-25)**

**Syllabus**: Probability distributions, Testing of hypotheses, Estimation theory, Design of Experiments, Correlation-Regression analysis, Numerical Methods, Sampling Technique, Time Series Analysis, Index Numbers, Operations Research and Statistical Quality Control
**Link to attend the Quiz :-** https://forms.gle/H566ktirTpUthZPL7

| Organizing Secretary | Convener | Registrar | I/C. Vice Chancellor |
|---|---|---|---|
| Dr. Shital S. Patel | Dr. Arti J. Rajyaguru | Dr. R. C. Gadhvi | Dr. K. N. Chavda |

**Contact** : Department of Statistics, Veer Narmad South Gujarat University
Surat-395007, (Gujarat) INDIA
**Email** quizstatistics@vnsgu.ac.in , office.dst@vnsgu.ac.in **Tel: 0261-223110**
**More about Department of Statistics:**
https://www.vnsgu.ac.in/departments/statistics/index.html
https://www.facebook.com/profile.php?id=100006747195824
https://www.instagram.com/statisticsdepartment.vnsgu/
https://www.vnsgu.ac.in/departments/statistics/testimonials.html
https://youtu.be/FFM5FoCGYtI?feature=shared
We request you to kindly give wide publicity to this event.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે "વૃક્ષારોપણ કાર્યક્રમ"નું આયોજન

તા. ૫–૬–૨૦૨૪ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબના માર્ગદર્શન હેઠળ 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે પર્યાવરણના સંરક્ષણ પ્રત્યેની જાગૃતિ તથા વિદ્યાર્થીઓ માટે વૃક્ષારોપણનું મહત્ત્વ સમજાય તે હેતુસર એન.સી.સી. કેડેટ્સ અને એન.એસ.એસ. સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.સી.સી. કેર ટેકર પ્રા. સોનલબેન જરીવાલા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પંકજભાઈ નાયકા, પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા અને મોટી સંખ્યામાં એન.સી.સી. કેડેટ્સ અને એન.એસ.એસ. સ્વયંસેવકો/સેવિકાઓ હાજર રહ્યાં હતાં.



### દસમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

તા. ૨૧/૬/૨૦૨૪ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દસમો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. યોગા કાર્યક્રમમાં અમરોલી કૉલેજનો સમગ્ર શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તેમજ એન.એસ.એસ. સ્વયંસેવક/સેવિકાઓ, એન.સી.સી. કેડેટ્સ સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓએ હાજર રહી યોગા કર્યા હતાં. NSS પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, પ્રા. નિહારીકાબેન જોષી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.



### એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા ખાતે આજરોજ તા.૫/૬/૨૦૨૪ના રોજ 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લીમડો, ગુલમોહર અને ઓષધિય ગુણો ધરાવતા વિવિધ વૃક્ષોનું રોપાણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા. વર્ષાબેન બી. રાણાનું માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પૂજા વાઘેલા તથા પ્રા. હરમિતસિંહ સરદારે કર્યુ હતું. જેમાં કૉલેજના નોન–ટીચીંગ તથા કૉલેજના એન.સી.સી. અને એન.એસ.એસ.નાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.






## વિશ્વ યોગ દિવસની ઉજવણી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા દ્વારા શારીરિક શિક્ષણ વિભાગ તથા એનસીસી યુનિટના ઉપક્રમે તેમજ શિક્ષણ વિભાગ ગુજરાત સરકારના આદેશ મુજબ એ.વી.પટેલ કોમર્સ કૉલેજ ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. (T.Y.B.Com) અભ્યાસ કરતી વિદ્યાર્થીની યોગા ટ્રેનર નમસ્વી એચ. ટેલર તથા મનીષા ચૌહાણ દ્વારા યોગ નિદર્શન કરાવવામાં આવ્યું હતું. યોગ માર્ગદર્શિકા અનુસાર વિવિધ કસરતો વિવિધ મુદ્રાઓ તથા વિવિધ આસનો કરાવવામાં આવ્યાં હતાં. 'સ્વયં અને સમાજ માટે યોગાના' થીમ સાથે યોગાનું મહત્ત્વ અને એની જરૂરિયાત આપણાં જીવનમાં શું છે? એની માહિતી પૂરી પાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સાથે સાથે કૉલેજના અધ્યાપકોએ પણ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સોનલબેન વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.





## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara


### International Yoga Day 2024 "Yoga for Self and Society"

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara in co-ordination with Naturopathy and Yoga department celebrated International Yoga Day on 21/06/2024 as directed by Ministry of Ayush. All the Staff Members, Hospital Staff & Students celebrated yoga with great enthusiasm.

Yoga expert of our Institute Dr. Piyush Pandya Sir & Dr.Jyoti Shukla demonstrated various asanas followed by omkar chanting. Also some students of our college demonstrated various asanas. Staff members and students also uploaded photos with # yoga for self and society # on social media for awareness, Students of 1st BHMS prepared Rangoli on theme of “yoga day”. Dr.Piyush Pandya Sir encouraged all Staff & Students to practice regular yoga to remain fit & improve concentration in life.

The whole Programme was coordinated by Dr. Dhruni Gavli & team under the guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.






## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-06-2024 to 30-06-2024

| Detail | Description | June-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 670 | |
| | Internet Lab User | 16 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 0 | |
| | Research Scholars | 13 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 6 | |
| | Online User | 0 | |
| | Total | | 705 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| June-2024 | 171 | 193 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2024 | 09 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2024 | 07 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2024 | 07 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in